# વાંકલ અને કામરેજમાં ફૂડ વિભાગના દરોડા

**સુરતમાં** ફૂડ પોઇઝનિંગમાં મોત બાદ આરોગ્ય વિભાગ સક્રિય

સુરત : સુરતના વરાછામાં ફૂડ પોઈઝનિંગની ઘટનામાં પાંચ વર્ષની બાળકીના મોત બાદ રાજ્યના આરોગ્ય તંત્રએ રેસ્ટોરન્ટ્સમાં ખાદ્ય સુરક્ષા અને સ્વચ્છતાને લઈને રાજ્યવ્યાપી તવાઈ બોલાવી છે. ઠેર ઠેર દરોડા પાડવામાં આવી રહ્યાં છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ ગાંધીનગરમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રના ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. બેઠકમાં સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન હાથ ધરાયેલી તપાસ અને કાર્યવાહી અંગે વિગતો મેળવવામાં આવી હતી. આ ડ્રાઈવ અંતર્ગત દક્ષિણ ગુજરાતમાં અંકલેશ્વર, વાંકલ, કામરેજ ચાર રસ્તા પર પણ કાર્યવાહી કરવામાં આવી હતી.

## કામરેજ ચાર રસ્તા પર છ દુકાન લાઇસન્સ વગર જ ચાલતી હતી

કામરેજ : સુરત જિલ્લા ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા ગુરુવારના રોજ કામરેજ ચાર રસ્તા વિસ્તારમાં આવેલી નાસ્તાની દુકાનોમાં સવારથી ચેકિંગ કરવામાં આવતાં ફફડાટ વ્યાપી ગયો હતો.

### આ દુકાનો બંધ કરાવી દેવાઈ

- યાદગાર જ્યુસ
- પ્રેમ સાઈ ટી એન્ડ કોલ્ડડ્રીંક્સ
- રાકેશ ચાઈનીઝ
- બોસ્ટન ટી સેન્ટર
- દિલ્લી કે મશહૂર છોલે ભટુરે



વિશાલ પટેલ

### અહીં 131 કિલો અખાદ્ય સામગ્રીનો નાશ

ચેકિંગ દરમિયાન કુલ 44 ખાદ્ય વ્યવસાયિક દુકાનોમાંથી બિન આરોગ્યપ્રદ તથા માનવ ઉપયોગ માટે અયોગ્ય કુલ 131.2 કિલોગ્રામ ખાદ્ય સામગ્રીનો નાશ કરવામાં આવ્યો હતો.

» ખાઉધરા ગલી » ઈન એન્ડ આઉટ » શિવ સાગર

## વાંકલમાં ૧૪ હોટેલ-રેસ્ટોરન્ટમાં તપાસ



**સ્વચ્છતા** અને સેફ્ટી મુદ્દે નોટિસ ફટકારી

વાંકલ: માંગરોળના વાંકલ વિસ્તારમાં આવેલી હોટેલો, રેસ્ટોરન્ટો અને ઢાબાઓ પર આરોગ્ય વિભાગે અચાનક સઘન તપાસ ઝુંબેશ હાથ ધરી હતી. તપાસ દરમિયાન આરોગ્ય અને વહીવટી ટીમે કુલ ૧૪ જેટલા એકમોનું વિગતવાર નિરીક્ષણ કર્યું હતું. આ કામગીરી દરમિયાન નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ પર ખાસ ધ્યાન આપવામાં આવ્યું હતું. રસોડા તથા પરિસરની સફાઈ, ખાદ્ય પદાર્થોની ગુણવત્તા અને તેની જાળવણી કરાઇ હતી. ગ્રાહકોને પીવા માટે અપાતા પાણીની શુદ્ધતા અને સંગ્રહ સ્થાનની સ્વચ્છતાની પણ ચકાસણી કરવામાં આવી હતી.

## અંકલેશ્વરની બે હોટલ સીલ

અંકલેશ્વર : અંકલેશ્વર શહેર તથા જૂના નેશનલ હાઈવે-8 પર આવેલી હોટલો, લારી-ગલ્લા અને આઈસ્ક્રીમ પાર્લરોમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને અંકલેશ્વર નગરપાલિકાની ટીમ દ્વારા સંયુક્ત રીતે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. બપોર બાદ શરૂ થયેલી આ કાર્યવાહી મોડી સાંજ સુધી ચાલી હતી. તપાસ દરમિયાન વિવિધ એકમોમાંથી મળી આવેલા આશરે 48 કિલો વાસી તથા શંકાસ્પદ ખાદ્યપદાર્થોનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. જ્યારે નિયમોનું પાલન ન કરતી બે હોટલો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી.નેશનલ હાઈવે પર આવેલી ન્યૂ ભંડાર રેસ્ટોરન્ટમાં અત્યંત અસ્વચ્છ પરિસ્થિતિ જોવા મળવા ઉપરાંત માન્ય ફૂડ લાયસન્સ ન હોવાનું બહાર આવતા ટીમે રેસ્ટોરન્ટ તાત્કાલિક બંધ કરાવ્યું હતું. બીજી તરફ ખોડિયાર કાઠિયાવાડી હોટેલનું ફૂડ લાયસન્સ સમયસર રિન્યુ ન કરાવ્યું હોવાનું જણાતા હોટેલને તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવી હતી. ચેકિંગ દરમિયાન નગરપાલિકાની ટીમે હોટલો અને ખાદ્ય એકમોમાં જોવા મળેલી અસ્વચ્છતા બદલ કુલ રૂ. 1,500નો દંડ વસૂલ્યો હતો. ઉપરાંત પાંચથી વધુ એકમોને સ્વચ્છતા જાળવવા અંગે કડક નોટિસો ફટકારવામાં આવી હતી.





# ભરૂચમાં શોપિંગ સેન્ટરની લિફ્ટ બીજા માળેથી ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાઇ

**ચાર** વર્ષીય બાળક ગંભીર રીતે ઘાયલ, હાલત નાજૂક

ભરૂચઃ ભરૂચ શહેરના આર.કે. કાસ્ટા શોપિંગ સેન્ટરમાં લિફ્ટમાં ટેકનિકલ ખામી સર્જાતાં લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લોર પર પટકાઈ હતી. જૂના તવરા ગામનો ૪ વર્ષીય માસૂમ બાળક તીર્થરાજસિંહ પરમાર છેલ્લા બે-ત્રણ દિવસથી બીમાર હતો. જેથી તેના માતા-પિતા તેને આ કોમ્પ્લેક્સમાં આવેલી ચાઇલ્ડકેર હોસ્પિટલમાં સારવાર અર્થે લઈને આવ્યાં હતાં.

પરિવાર જ્યારે કોમ્પ્લેક્સની બહારની લિફ્ટમાં બેસીને બીજા માળે જઈ રહ્યો હતો, ત્યારે અચાનક ટેક્નિકલ ખામી સર્જાતા લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લોર પર અટકી ગઈ હતી.

ગભરાયેલા પરિવારે બૂમાબૂમ કરતા સિક્યુરિટી ગાર્ડ અને આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા. લોકોએ લિફ્ટનો દરવાજો ખોલી પરિવારને બહાર કાઢવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. એ દરમિયાન લિફ્ટ અચાનક ફરીથી ઉપર-નીચે થવા લાગી હતી. આ હલચલના કારણે લિફ્ટ અને ફ્લોર વચ્ચે મોટો ગેપ સર્જાયો હતો, જેમાં બાળકનું માથું સખત રીતે અથડાતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી.

સ્થાનિક લોકોએ તાત્કાલિક બાળકને બહાર કાઢી ભરૂચની હોસ્પિટલમાં પહોંચાડ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે તેને વડોદરા રિફર કરવામાં આવ્યો છે, જ્યાં તેની સ્થિતિ નાજૂક છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી લિફ્ટ સીલ કરી છે અને લિફ્ટ એજન્સી તેમજ કોમ્પ્લેક્સ મેનેજમેન્ટની બેદરકારી અંગે તપાસ શરૂ કરી છે.

# વદેશીયા દૂધમંડળીનું વાર્ષિક ટર્ન ઓવર રૂ.3.88 કરોડે પહોંચ્યું

**વદેશીયા** દૂધ ઉત્પાદક સહકારી મંડળીની 52મી વાર્ષિક સાધારણ સભા મળી



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીની વદેશીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લિ.ની વર્ષ 2025-26ની 52મી વાર્ષિક સાધારણ સભા ઉત્સાહસભર માહોલમાં યોજાઈ ગઈ હતી. સભાના અધ્યક્ષ મિતલભાઈ વિલાસભાઈ ચૌધરી, મંડળીના પ્રમુખ નરસિંહભાઈ, મંત્રી સંદીપભાઈ, ગામના સરપંચ તેમજ કારોબારી કમિટીના સભ્યો અને મોટી સંખ્યામાં ઉપસ્થિત સભાસદોની હાજરીમાં સમગ્ર સભા હકારાત્મક વાતાવરણમાં સંપન્ન થઈ હતી. મંડળીએ ગત વર્ષની તુલનાએ આ વર્ષે અંદાજે રૂ.31 લાખના વધારા સાથે મંડળીએ કુલ રૂ.3,88,14, 627.45નું વિક્રમજનક વાર્ષિક ટર્નઓવર નોંધાવીને નવી ઊંચાઈ સર કરી છે. આજથી પાંચ વર્ષ પૂર્વે આર્થિક સંકટના કારણે બંધ થવાના આરે આવી ગયેલી વદેશીયા દૂધમંડળી આજે પારદર્શક વહીવટ, સંચાલક મંડળની સક્રિયતા અને સભાસદોના અતૂટ વિશ્વાસના જોરે કરોડોના કારોબાર સાથે મજબૂત સ્થિતિમાં પહોંચી છે. મંડળીની આ ઐતિહાસિક પુનઃપ્રાપ્તિ અને ઉત્કૃષ્ટ કામગીરી બદલ ઉપસ્થિત મહાનુભાવોએ તમામ પશુપાલક સભાસદો, યુવાઓ અને ગ્રામજનોના સહિયારા પ્રયાસોને બિરદાવી અભિનંદન પાઠવ્યાં હતાં.

# ભરૂચ પાલિકાની સેનેટરી ઈન્સ્પેક્ટરને પતિનો ત્રાસ

**નશામાં** ધમકી, મારઝૂડ અને અપમાનજનક શબ્દોથી કંટાળી પોલીસ ફરિયાદ

ભરૂચઃ ભરૂચ પાલિકામાં સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા અને ઝાડેશ્વરમાં રહેતાં ૩૦ વર્ષીય ભૂમિબેને પતિ હર્ષકુમાર જોષી સામે શારીરિક અને માનસિક ત્રાસની ભરૂચ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૭નાં રોજ લગ્ન કરનાર ભૂમિબેને આક્ષેપ કર્યો છે કે લગ્નનાં બે વર્ષ બાદ પતિ અને સાસુ ઘરકામ બાબતે અવારનવાર ઝઘડા કરી મારઝૂડ તથા અપમાનજનક ગાળો બોલતા હતા. ગત ૮ જુલાઈએ નશાની હાલતમાં ઘેર આવેલા પતિએ લાઈટ-પંખો બંધ કરી અપશબ્દો બોલી મારામારી કરી હતી અને ૧૧૨ પર ફોન કરતાં મોબાઈલ છીનવી લીધો હતો.૧૦ જુલાઈએ ફરી ઝઘડો થતાં ભોગ બનનારે ઘર બહાર નીકળી પાડોશીના ઘરે આશરો લઈ મામાને જાણ કરી હતી, બાદમાં તેઓ બાળક સાથે મામાના ઘરે ચાલ્યા ગયાં હતાં. પોલીસે આ મામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પંડવાઈ સુગરની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી જાહેર

**15** બેઠક માટે યોજાનારી ચૂંટણીને લઈ સહકારી ક્ષેત્રમાં ધમધમાટ

ભરૂચઃ ભરૂચ અને સુરત જિલ્લાના ખેડૂતોની આર્થિક જીવાદોરી સમાન હાંસોટ તાલુકાની પંડવાઈ સુગર ફેક્ટરી (ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી) ની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી માટે ગુરુવારે જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. કુલ 15 બેઠક માટે યોજાનારી આ ચૂંટણીને લઈને સહકારી ક્ષેત્રમાં ભારે ધમધમાટ શરૂ થઈ ગયો છે.

ફેક્ટરી સૂત્રો અનુસાર ઉમેદવારી પત્રો મેળવવા અને રજૂ કરવાની પ્રક્રિયા તા.19 ઓગસ્ટથી 22 ઓગસ્ટ દરમિયાન હાથ ધરવામાં આવશે. તા.22 ઓગસ્ટે ફોર્મની ચકાસણી કરવામાં આવશે. ત્યારબાદ માન્ય ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરાશે. ઉમેદવારો તા.25 ઓગસ્ટ સુધી પોતાનું નામ પરત ખેંચી શકશે, જે બાદ અંતિમ ઉમેદવારી યાદી જાહેર કરવામાં આવશે. ચૂંટણી કાર્યક્રમ મુજબ, તા.5 સપ્ટેમ્બરે મતદાન યોજાશે. જ્યારે તા.6 સપ્ટેમ્બરે હાંસોટ મામલતદાર કચેરી ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે. નોંધનીય છે કે, હાંસોટની પંડવાઈ સુગરના વર્તમાન ચેરમેન, ગુજરાત ખાંડ ઉદ્યોગના ચેરમેન અને રાજ્યના જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલનું નામ આ ચૂંટણીમાં ખાસ ચર્ચામાં છે. તેમના નેતૃત્વમાં આ ચૂંટણી પ્રતિષ્ઠાસભર બનવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે. આ 15 બેઠક ભરૂચ-સુરતના ખેડૂતોના ભવિષ્ય માટે નિર્ણાયક માનવામાં આવે છે.

**લાચારી** | ચિકદાના અંતરિયાળ જામની ગામના વિદ્યાર્થીઓની શિક્ષણ માટે ૩.૫ કિ.મી. પગપાળા સફર

# ભણવા માટે 3 કિ.મી. ચાલવું પડે છે

**શું** સ્વતંત્રતાનો અર્થ માત્ર મતદાન જ છે? જામની ગામની વેદના



સાગબારા, ચિકદાઃ દેશને આઝાદી મળ્યાને ૮૦ વર્ષ વીતી ગયાં, પણ ચિકદા તાલુકાના અંતરિયાળ ગામ જામનીની વાત કરીએ તો આજે પણ અહીં ST બસની સુવિધા નથી. નવનિર્મિત ચિકદા તાલુકામાં આવેલા આ ગામમાં પાકો રસ્તો તો બની ગયો છે, પરંતુ જાહેર પરિવહનનો અભાવ ગ્રામજનો માટે મોટી સમસ્યા બની છે. આ ગામના વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા માટે સાડા ત્રણ કિલોમીટર દૂર આવેલા ગંગાપુર ગામે પગપાળા જવું પડે છે. કેટલાંક બાળકો તો ડેડિયાપાડા, સાગબારા કે સેલંબા જેવા દૂરના વિસ્તારોમાં ભણવા જાય છે. જોકે, સૌથી વેદનાભરી બાબત એ છે કે જ્યારે વિદ્યાર્થીઓને રસ્તે રોકીને બસની સુવિધા અંગે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે આંખ ઉઘાડનારો જવાબ આપીને કહ્યું, અમે હજુ મતદાનની ઉંમર નથી પહોંચ્યા, તો બસની આશા કેમ રાખીએ? જેઓ મત આપે છે, તેમણે જ આ માંગણી કરવી જોઈએ. બીજી તરફ કેટલાક બાળકોએ દોડીને કહ્યું કે, આ અમારી એક જ બસ છે, જે છૂટી જાય તો અમારો શિક્ષણનો દિવસ બગડી જાય. જામની ગામમાં આશરે ૧૫૦૦ મતદાર છે. સરકાર ડ્રોપઆઉટ રેશિયો ઘટાડવા માટે પ્રયત્નો કરી રહી છે, પરંતુ જ્યાં સુધી આ ગામમાં બસ જેવી પ્રાથમિક સુવિધા નહીં આવે, ત્યાં સુધી બાળકોને અઢળક મુશ્કેલીઓ વેઠવી પડશે. જો આવાં ગામોમાં પૂરતી સુવિધા મળે, તો ડ્રોપઆઉટ રેશિયો ઝીરો થવામાં વાર ન લાગે. અત્રે ઉલ્લેખનીય છે કે, જામની ગામ આંબાવાડી જિલ્લા પંચાયત બેઠક હેઠળ આવે છે. અહીંથી અગાઉ ભાજપના ઉમેદવાર બે વખત સભ્ય તરીકે ચુંટાયા હતા અને બે વખત જિલ્લા પંચાયતના પ્રમુખ પણ રહ્યા હતા, પરંતુ કમનસીબે તેઓ પણ આ ગામ માટે બસ સુવિધા ઊભી ન કરાવી શક્યા. આઝાદીનાં આટલાં વર્ષો બાદ પણ આવા અંતરિયાળ ગામડાંની આ દયનીય સ્થિતિ સરકાર અને સ્થાનિક પ્રતિનિધિઓ માટે ગંભીર ચિંતાનો વિષય છે.


Milano MULTIPLEX
બારડોલી
Insidious:Out Of The Further
12:00pm, 03:00pm
Awarapan 2
11:00am, 01:00pm, 04:00pm, 05:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Batwara 1947
10:00am, 02:00pm, 06:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333





## :: જાહેર નોટીસ ::



જનતા જોગ જણાવવાનું કે આથી અમારા અસીલ શ્રી બફાતી ઈબ્રાહીમ શેખ રહે. કબીર નગર બારડોલી તા. બારડોલી જી. સુરતના તરફ થી આ જાહેર નોટીશ થકી જાહેર કરવાનુ કે સદર અમારા અસીલના પુત્ર નામે રઈશ બફાતી શેખ તથા અમારી પુત્ર વહુ નામે નગ્મા રઈશ શેખ બંને રહે કબીર નગર બારડોલી તા. બારડોલી જી. સુરતનાઓ અમારા કહયામા ન હોય અને એક બીજા ના મદદ ગારીમાં અમોને હેરાન પરેશાન કરતા આવેલ હોય જેથી સદર રઈશને અમો અમારી હાલની સ્થાય તથા જંગમ મિલકત માથી બે દખલ કરીએ છીએ સદર રઈશ તથા તેની પત્ની નગ્મા સાથે અમારા નામે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહી. જો તેમ કરવામાં આવશે તો તેના પરીણામની જવાબદારી જે તેના શીરે રહેશે. જે આ થકી નોંધ લેશો.

મારી સુચના થી, અમારી મારફત

બી.એ.શેખ, એડવોકેટ & નોટરી
જનતા સેવા કોમ્પલેક્ષ એમ.જી. રોડ
બારડોલી, તા. બારડોલી. મો.૯૯૦૪૦ ૫૮૩૦૬

## :: વેચાણ બાબત જાહેર નોટીસ ::

આથી જાહેર જનતા જોગ જણાવવાનું કે મોજે ગામ તેન, તા.બારડોલી જિ. સુરતનાં, બ્લોક/સર્વે નં. ૩૮૯ જુની શરતની જરાયત વાળી જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે.ચોમી. ૧-૧૧-૭૮ વાળી જમીન ૧. રૂમાના મહમદ હાફેજી ૨. સફીરા મહમદ હાફેજી ૩. નફીસા મહમદ હાફેજી ૪. જાહેદા મહમદ હાફેજી ૫. ફહીમ ઈસ્માઈલ ઝીણા ૬. શાહેનાઝ ચુનારા તે ઈબ્રાહીમ ચુનારાની પત્ની ના સંયુક્ત નામ ચાલી આવેલ છે. સદર મિલકત અમારા અસીલના સાથે સોદો કરેલ છે અને તેની પાસે અમારા અસીલે વેચાણ રાખેલ છે જે જમીન અમારા અસીલ શ્રી ખરીદવા માગતા હોય જેથી સદર જમીનમાં અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો કે સરકારી કે અર્ધસરકારી ભરણું બાકી હોય કે લેણું બાકી હોય તો તે અંગે અમોને જાણ કરશોજી. સદર રજી. દસ્તાવેજ કરતા પહેલા કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો હોય તો દિન-૧૫ માં પુરાવા સાથે અમોને સંપર્ક કરશોજી. જો તેમ કરવામાં કસુર કરશો તો આ નોટીશ થકી અમારા અસીલ એવુ માની કે સદર મિલકતમાં કોઈનો કોઈ પણ પ્રકારનો લાગ ભાગ હકક હિસ્સો ચાલી આવેલ નથી. અને સદર જમીનના દસ્તાવેજ કરાવી લેશે જે આ થકી નોંધ લેશો.

મારી સુચના થી, અમારી મારફત

બી.એ.શેખ, એડવોકેટ & નોટરી
જનતા સેવા કોમ્પલેક્ષ એમ.જી. રોડ
બારડોલી, તા. બારડોલી. મો.૯૯૦૪૦ ૫૮૩૦૬

## ધી ગુજરાત પબ્લિક ટ્રસ્ટ એક્ટ - ૧૯૫૦ની કલમ-૩૬ હેઠળ ટ્રસ્ટની મિલકત બક્ષીસથી આપવા અંગે વાંધા/સુચનો મંગાવવાની જાહેર નોટીસ

**પરવાનગી અરજી નંબર : ૩૬/૦૨/૨૦૨૬**

અરજદાર :- શ્રી ભીખુભાઈ લલીતરામ સેગવાકર વિગેરે
રહે. મુ. સેગવા, તા. કામરેજ, જિ. સુરત.

ઉપરોકત અરજદારશ્રીએ અત્રેની કચેરીમાં શ્રી રામજી મંદિર સંસ્થાન, એ/૧૫૨૪/સુરત ટ્રસ્ટની માલિકીની મોજે. સેગવા, તા. કામરેજ, જિ. સુરત, સર્વે નં. ૨૨૦ કે જેનું કુલ્લે ક્ષેત્રફળ ૫-૩૩-૪૬ હે.આરે.ચો.મી. છે જે પૈકી ઉત્તર દિશામાં આવેલ ૧-૧૭-૬૦ હે.આરે ચો.મી. તથા દક્ષિણ દિશામાં આવેલ ૧-૬૭-૭૩ હે.આરે ચો.મી. સિવાયની ટ્રસ્ટની માલિકીની ક્ષેત્રફળ ૨-૪૮-૧૩ હે.આરે ચો.મી. તેની જમીન નવસાધ્ય ચેરીટેબલ ટ્રસ્ટ, ઈ/૧૦૧૯૫/સુરત ટ્રસ્ટને કોઈ પણ જાતના અવેજ લીધા વગર વીના મૂલ્યે બક્ષીસમાં આપવા તબદીલ કરવા સારૂ પરવાનગી અરજી કરેલ છે. જેની અરજી નં.૩૬/૦૨/૨૦૨૬ છે.

ઉપરોકત મિલકતના બક્ષીસથી તબદીલી અંગેના વ્યવહાર સામે જો કોઈ હિતાધિકારીને વાંધા/ સુચન / રજુઆત હોય, તેઓએ પોતાના વાંધા / સુચન / રજુઆત જરૂરી આધાર પુરાવા અને સોગંદનામા સહીત નીચે જણાવેલ સરનામે તા. ૧૧/૦૯/૨૦૨૬ સુધીમાં મળે તે રીતે મોકલી આપવાના રહેશે. અત્રેની કચેરીને મળેલ વાંધા / સુચન / રજુઆતની સુનાવણી તા.૧૭/૦૯/૨૦૨૬ના રોજ બપોરના ૧૨-૩૦ કલાકે રાખવામાં આવેલ છે તો સુચન/ વાંધા/ રજુઆત કરનારએ સદરહુ તારીખે અને સમયે સુનાવણી માટે અચુક હાજર રહેવાનું રહેશે.

| અસલ વાંધા/સુચન/રજુઆત મોકલવાનું અને સુનાવણી માટે હાજર રહેવાનું સરનામું : | વાંધા/સુચન/રજુઆતની નકલ મોકલવાનું સરનામું : |
| --- | --- |
| સંયુક્ત ચેરિટી કમિશનરશ્રી, સુરત સંયુક્ત ચેરિટી કમિશનરશ્રીની કચેરી, એ-બ્લોક, ૪ થો માળ, બહુમાળી ભવન, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ | ટ્રસ્ટીશ્રી ભીખુભાઈ લલિતરામ સેગવાકર, શ્રી રામજી મંદિર સંસ્થાન, મુ. સેગવા, તા. કામરેજ, જિ. સુરત. |

આજ તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ મારી સહી અને કચેરીની મુદ્રા હેઠળ આપી.

તૈયાર કરનાર (સી.એલ. ગાંગાણી) હિસાબનીશ | મુકાબલ કરનાર (વી.જે. ભિમાણી) જુ. કલાર્ક | કોર્ટનો સિક્કો | (સી.કે. જોષી) ઇં./ચા. સંયુક્ત ચેરિટી કમિશ્નર, સુરત વિભાગ, સુરત.

તા. ૨૧/૦૮/૨૦૨૬

## જાહેર ખબર

### ભરતી ગ્રામ રક્ષક દળ/સાગર રક્ષક દળ

સુરત ગ્રામ્ય જિલ્લાના નીચે જણાવેલ પોલીસ સ્ટેશન ખાતે જી.આર.ડી./એસ.આર.ડી.ની ખાલી જગ્યા પર ભરતી કરવાની છે.

| ક્રમ | પોલીસ સ્ટેશનનું નામ | જી.આર.ડી. | | એસ.આર.ડી. |
| --- | --- | --- | --- | --- |
| | | પુરુષ | મહિલા | |
| ૦૧. | બારડોલી ટાઉન | ૦૯ | ૦૦ | ૦૦ |
| ૦૨. | બારડોલી રૂરલ | ૧૩ | ૦૪ | ૦૦ |
| ૦૩. | પલસાણા | ૩૧ | ૦૨ | ૦૦ |
| ૦૫. | મહુવા | ૧૧ | ૦૨ | ૦૦ |
| ૦૬. | માંગરોળ | ૧૧ | ૦૦ | ૦૦ |
| ૦૭. | કોસંબા | ૧૨ | ૦૩ | ૦૦ |
| ૦૮. | પાલોદ | ૨૪ | ૦૪ | ૦૦ |
| ૦૯. | કીમ | ૧૩ | ૦૦ | ૦૦ |
| ૧૦. | ઓલપાડ | ૫૯ | ૦૦ | ૩૪ |
| ૧૧. | કડોદરા | ૧૯ | ૦૧ | ૦૦ |
| ૧૨. | કામરેજ | ૩૦ | ૦૩ | ૦૦ |
| ૧૩. | માંડવી | ૨૯ | ૦૧ | ૦૦ |
| ૧૪. | ઝંખવાવ | ૧૪ | ૦૦ | ૦૦ |
| ૧૫. | ઉમરપાડા | ૧૪ | ૦૧ | ૦૦ |
| ૧૬. | તડકેશ્વર | ૪૨ | ૦૦ | ૦૦ |

લાયકાતઃ
(૧) ધો.૦૩ પાસ (૨) ઉંમર ૨૦ થી ૫૦ વર્ષ (૩) ગ્રામ્ય વિસ્તારના રહીશ (૪) શારીરીક સશક્ત

રસ ધરાવતા ઉમેદવારોએ ફોર્મ/ડોક્યુમેન્ટ અને ભરતી બાબતની અન્ય જાણકારી માટે સંબંધિત પો.સ્ટે.નો સંપર્ક કરવાનો રહેશે તેમજ તા.૨૮/૦૮/૨૦૨૬ થી તા.૦૫/૦૯/૨૦૨૬ સુધીમાં ફોર્મ મેળવવા/જમા કરાવવાના રહેશે.

ઉક્ત ભરતી બાબતે ભરતી સમિતિનો નિર્ણય આખરી રહેશે.

સમય-મર્યાદા બહારના અને અધુરા વિગત વાળા ફોર્મ ધ્યાને લેવામાં આવશે નહીં.

ઉમેદવારે શારીરીક કસોટી માટેતા.૧૧/૦૯/૨૦૨૬ ના રોજ કલાક.૦૭.૦૦ વાગ્યે પોલીસ હેડક્વાટર, સાયણ રોડ, ધલુડી સુરત ખાતે સ્વ ખર્ચે હાજર રહેવાનું રહેશે.

સ્થળ : સુરત
તારીખ : ૨૦/૦૮/૨૦૨૬

-SD -
(રાજેશ ગઢિયા)
પોલીસ અધિક્ષક,
સુરત.

## ટાઈટલ ક્લીયર તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ૧. ડિસ્ટ્રિક્ટ : સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકે, બારડોલીના મોજે, ગામઃ પલસોદમાં આવેલ બ્લોક નંબર ૩૨૧/અ, સર્વે નંબર ૧૯૨/૧/૧+૨+૩ ખાતા નંબર ૪૦૩ વાળી હે-આરે-ચો.મી. ૦-૯૧-૦૬ આકાર રૂપિયા ૧૩.૩૪ માપવાળી, જુની શરતની ખેતીની જમીન મિલકત ૨. ડિસ્ટ્રિક્ટ : સુરત, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકે, બારડોલીના મોજે, ગામઃ પલસોદમાં આવેલ બ્લોક નંબર ૩૨૨, સર્વે નંબર ૨૩૨/૩ ખાતા નંબર ૧૧ વાળી હે-આરે-ચો.મી. ૦-૪૪-૫૨ આકાર રૂપિયા ૧૦.૦૬ માપવાળી, જુની શરતની ખેતીની જમીન મિલકત. ડિસ્ટ્રિક્ટ : સુરત, અને ૩. સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકે, બારડોલીના મોજે. ગામઃ પલસોદમાં આવેલ બ્લોક નંબર ૩૨૩, સર્વે નંબર ૨૩૩, ૨૩૪/૧, ૨૩૪/૨ ખાતા નંબર ૬ વાળી હે-આરે-ચો.મી. ૦-૨૮-૩૩ આકાર રૂપિયા ૬.૬૫ માપવાળી, જુની શરતની ખેતીની જમીન મિલકત. ૧. નીરુબેન રમેશભાઈ પટેલની પત્ની ભૂલાભાઈ કુવરજીભાઈની પુત્રી ૨. નૈતિક રમેશભાઈ પટેલ ૩. યોગેશભાઈ ઠાકોરભાઈ પટેલ, ૧ થી ૩ ના વહીવટકર્તા તરીકે ચેતનભાઈ નટવરભાઈ પટેલના સંયુક્ત સ્વપાર્જીત/વડીલોપાર્જીત માલીકી અને પ્રત્યક્ષ કબ્જા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનમાં અગર તેના કોઈ ભાગ અંગે ઉપરોક્ત જણાવેલ જમીન માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ વારસાઈ તથા વંશ વાલી વારસોનાં હક્ક, અધિકાર, ટાઈટલ, હિત, હિસ્સો, ગીરોનો કોઈ સીધી કે આડકતરો બોજોનો હક્ક, દાવો, વેચાણ, ભેટ, લીઝ, સબ-લીઝ, ટ્રાન્સફર ડીડ, વારસો, ટેનન્સી, સમજુતી, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ, કોઈ બેંક, સંસ્થા, મંડળી કે ખાનગી-સરકારી સંસ્થાનો બોજો, ચાર્જ, લિયન, સિક્યુરિટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની, વિલ- વસીયત, આવવા-જવાના રસ્તાના હક્ક, ઈઝમેન્ટ, દબાણ, એકવીઝીશન નથી કે અન્ય કોઈપણ પ્રકારનાં સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી, દસ્તાવેજ, ગીરો ખત, વીલ- વસીયતનો કરાર કે તબદીલીને લગતા કોઈ લખાણો કે પાવર ઓફ એટર્ની અન્ય કોઈ ત્રાહિત વ્યક્તિને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબીક કે ભાગીદારો/સહમાલીકો/વારસોની તર-તકરાર નથી તેમ જણાવી મજકુર માલીકે સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેવું કંઈપણ રહેલું હોય તો તે સંદર્ભમાં પોતાના લેખિત વાંધાની અમોને આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૫ માં તેના દસ્તાવેજી પુરાવા સહિત નીચેના સરનામે લેખિત જાણ કરી તેની ખાત્રી આપવી. જો તેમ નહિ કરવામાં આવે તો અમારા અસીલ ઉપરોક્ત જણાવેલ માલીકને વેચાણ અવેજની રકમ ચુકવીને તેમની સાથે વેચાણના વ્યવહારો પુરો કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈ પણ પ્રકારની તર-તકરાર કે હક્ક દાવો ચાલશે નહિ તે તમામ હક્કો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો લાગ, ભાગ, હક્ક-હિસ્સો, કબજા હક્ક, વેચાણ હક્ક, વાંધો- વિરોધ, તર-તકરાર, હીત અધીકાર નથી યાને જતો (વેવ) કરેલ છે, તેમ સમજી-માનીને અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો-વિરોધ, દાવા-દુવી ચાલશે નહીં. જેની લાગતા-વળગતા તમામે યાને જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૦/૦૮/૨૦૨૬
સ્થળ: બારડોલી

અમારી સૂચનાથી,
ખરીદનારના એડવોકેટ
જતીનકુમાર એમ. પ્રજાપતિ

ઓફીસ: દુકાન નં. ૨૧૦, રૂદ્રા અરીસ્ટા, શિવાજી ચોક, બારડોલી, તા. બારડોલી, જિ. સુરત-૩૯૪૬૦૧. મો. ૬૩૫૧૪૧૬૪૬૭, ૯૮૨૫૨૫૮૫૨૨